Extra No. 24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] SATURDAY, JANUARY 17, 2026 / PAUSA 27, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ

File No: KHD/MAC/e-file/450/2026/0016/MAG BRANCH- રાજયમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તે હેતુથી ધોરણ-૦૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોરલરશીપ (NMMS) પરીક્ષા-૨૦૨૬ તા.૦૩/૦૧/૨૦૨૬ને શનિવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાક થી ૦૩:૦૦ કલાક સુધી ખેડા જિલ્લાના જુદા જુદા કેન્દ્રો ખાતે યોજાનાર છે. જેથી તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય. અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારી, ખેડા જિલ્લો, નડીઆદનાઓએ તેઓના તા.૩૦/૧૨/૨૦૨૫ પત્ર જા.નં./જિ.શિ.અ./ખેડા/૨૦૨૫/ NMMS-૨૦૨૬/૭૪૦૧-૦૨ થી અત્રે દરખાસ્ત કરેલ છે. ઉકત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે.બી.દેસાઈ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ સાથે બિડાણ કરેલ અનુસુચિ મુજબના પરીક્ષા કેન્દ્રોમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર :- અનુસૂચિત પરીક્ષા કેન્દ્ર તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો:-

પરીક્ષાર્થી અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું, કોઈ પણ ઈસમે કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું, આ રીતના કોઈપણ દુષ્પ્રેરણ કે પ્રયાસમાં જો ફરજો પરના સુપરવાઈઝરશ્રી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ થવું, પ્રામાણિક પણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા સેવવી, પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈ પણ વસ્તુ, ઈલેકટ્રોનીક ગેઝેટ જેવા કે ફેક્સ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીન, કોપીયર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઈલેકટ્રોનીક ઉપકરણો, સેલ્યુલર ફોન, મોબાઈલ, સ્માર્ટ વોચ, પેજર, હેન્ડ સેટ, વોકી-ટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ વિગેરેનો ઉપયોગ, ઝેરોક્ષ કાઢવાની કામગીરી, ઝેરોક્ષ નકલોનું વહન કરવું કે કરાવવામાં ફરજો પરના તમામ માણસોએ મદદગારી કે દુષ્પ્રેરણા કરવા પર પ્રતિબંધ રહેશે.

સમયગાળો :- તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૩૦ કલાક થી ૦૩:૦૦ કલાક સુધીના સમયગાળા માટે (ખેડા જિલ્લાના આ સાથે સામેલ અનુસૂચિ મુજબનાં જે કેન્દ્રો પર પરીક્ષા હોય તેને અનુરૂપ)

શિક્ષા:- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અનુસૂચિ

નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષા-૨૦૨૬
તા.૦૩/૦૧/૨૦૨૬ને શનિવારના રોજ બપોર ૧૨:૦૦ કલાક થી ૦૩:૦૦ કલાક

SR NO.	BLOCK	Center Discoed	CENTRE ID	SCHOOL NAME	SCHOOL ADDRESS	Total Block in Center
1	GALTESHWAR	24161110305	1452	SHRI C. P. PATEL HIGHER SECONDARY	DAKOR ROAD, SEVALIYA GAM, TA. GALTESHWAR	8
2	GALTESHWAR	24161106007	1453	THE MODERN HIGHER SECONDARY SCHOOL	SEVALIYA GAM, TA.GALTESHWAR	10
3	KAPADVANJ	24160200803	1454	J.C.DANI VIDYALAY	ATARSUMBA, TA.KAPADVANJ	6
4	KAPADVANJ	24160210109	1455	SHREE C N VIDYALAY	KAPADVANJ, TA. KAPADVANJ	11
5	KAPADVANJ	24160210111	1456	SHRI L.M.SHARDA MANDIR-KAPADWANJ	KAPADVANJ, TA. KAPADVANJ	10
6	KAPADVANJ	24160200712	1457	SHRI N .M.PATEL HIGH SCHOOL	ANTROLI, TA. KAPADVANJ	5
7	KAPADVANJ	24160207905	1458	SMT H M SHAH HIGH SCHOOL	SUNDA, TA. KAPADVANJ	5
8	KAPADVANJ	24160206205	1459	SMT. L.K.S. SHAH HIGH SCHOOL	NIRMALI, TA. KAPADVANJ	10
9	KATHLAL	24160302722	1460	SHETH M.R.HIGH SCHOOL KATHLAL	KATHLAL, TA. KATHLAL	13
10	KATHLAL	24160301317	1461	SHRI CHHIPADI SEC/HIGHER SEC SCHOOL UNIT -1	CHHIPADI, TA. KATHLAL	11
11	KATHLAL	24160301317	1462	SHRI CHHIPADI SEC/HIGHER SEC SCHOOL UNIT -2	CHHIPADI, TA. KATHLAL	10

12	KHEDA	24160404505	1463	H & D PAREKH HIGH SCHOOL	KHEDA, TA. KHEDA	11
13	KHEDA	24160402604	1464	SHREE RADHU GROUP VIDHYA MANDIR	RADHU, TA. KHEDA	8
14	MAHEMDAVAD	24160501709	1465	CHOKSHI H.V. VIDYA VIHAR	HALDARVAS, TA. MAHEMDAVAD	11
15	MAHEMDAVAD	24160507202	1466	J.H. SONAVALA HIGH SCHOOL	MAHEMDAVAD, TA. MAHEMDAVAD	12
16	MAHEMDAVAD	24160503809	1467	PRAMUKHSWAMI VINAYAMANDIR	NENPUR, TA. MAHEMDAVAD	8
17	MAHEMDAVAD	24160506309	1468	SHRI P. & S. PATEL HIGH SCHOOL	VANTHAVALI, TA. MAHEMDAVAD	10
18	MAHUDHA	24160604210	1469	KOHINOOR HIGH SCHOOL	MAHUDHA, TA. MAHUDHA	12
19	MAHUDHA	24160604208	1470	SMT.S.P.SHAH HIGH SCHOOL	MAHUDHA, TA. MAHUDHA	11
20	MATAR	24160702313	1471	N.C. PARIKH P. S. (GRANTED)	MATAR, TA. MATAR	8
21	MATAR	24160702104	1472	NAVCHETAN VIDYALAYA UNIT - 1	LIMBASI, TA. MATAR	11
22	MATAR	24160702104	1473	NAVCHETAN VIDYALAYA UNIT - 2	LIMBASI, TA. MATAR	5
23	NADIAD	24160806505	1474	BHARTI VINAY MANDIR HIGH SCHOOL	CHAKLASI, TA. NADIAD	11
24	NADIAD	24160800107	1475	S. N. PATEL ADARSH VIDHYA MANDIR	AKHDOL, TA. NADIAD	7
25	NADIAD	24160800206	1476	SHRI M. S. PATEL VIDYHYALAYA	ALINDRA, TA. NADIAD	11
26	NADIAD	24160807409	1477	ST. ANNES HIGH SCHOOL	NADIAD, TA. NADIAD	6
27	NADIAD	24160808015	1478	ST. MARYS HIGH SCHOOL (GUJ.)	NADIAD, TA. NADIAD	6

28	THASARA	24160910215	1479	DON BOSCO GRANTED HIGH SCHOOL	DAKOR, TA. THASRA	10
29	THASARA	24160908209	1480	J. M. DESAI HIGH SCHOOL	THASRA, TA. THASRA	9
30	THASARA	24160905303	1481	MARUTI HIGH SCHOOL	NES TA.THASRA	10
31	VASO	24161205710	1482	A. J. HIGH SCHOOL MOTI MANDIR-UNIT-2	VASO, TA.VASO	5
32	VASO	24161205710	1483	A. J. HIGH SCHOOL-UNIT- 1	VASO, TA. VASO	8

ખેડા-નડીયાદ, તા.૦૨જી જાન્યુઆરી, ૨૦૨૬

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબ

File No: KHD/MAG/e-file/450/2025/3974/MAG BRANCH-PF 1. કપડવંજ અને કઠલાલ તાલુકાને જોડતા વાઘવત-અપૂજી રોડ અને અપૂજી-કાકરખાડ-સરખેજ અપટુ અમદાવાદ-ગોધરા-ઈન્દોર એન.એચ. વચ્ચે એક મેજર બ્રીજ અને સ્લેબ ડ્રેઈન આવેલ છે. સદર બ્રીજ પર અતિભારે વાહનોના ટ્રાફિકના કારણે ભવિષ્યમાં કોઈ અણબનાવનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ તે હેતુસર ભારે વાહનોને સદર રોડ પર પસાર થવા પર પ્રતિબંધ મુકવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીયાદનાઓના તા.૨૦/૧૨/૨૦૨૫ ના પત્ર જા.નં.પી.બી./વશી/૨૦૧૦/૨૦૨૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડ-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા- નડીયાદનાઓના પત્ર ક્રમાંકઃ એલઆઈબી/જાહેરનામું/૨૮/૨૦૨૬, તા.૦૫/૦૧/૨૦૨૬ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડ-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલિપક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે.બી.દેસાઈ, જી.એ.એસ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૬/૦૧/૨૦૨૬ થી તા.૦૬/૦૩/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવાના માર્ગોઃ-

૧. અપૂજી થી વાઘાવત થઈ આંતરસુબા, કપડવંજ તરફ જતો તમામ ભારે વાહન-વ્યવહાર.

૨. આંતરસુબા થી વાઘાવત, અપૂજી તરફ જતો તમામ ભારે વાહન-વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતા વૈકલિપક માર્ગોઃ-

૧. અપૂજી થી વાઘાવત થઈ આંતરસુબા, કપડવંજ તરફ જતો તમામ ભારે વાહન-વ્યવહાર.

■ અપૂજી થી નવારોડ થઈ છીપડી પાટીયા, કાણીયેલ, તોરણા થઈ આંતરસુબા, કપડવંજ થઈ આગળ તરફ જઈ શકાશે.

૨. આંતરસુબા થી વાઘાવત, અપૂજી તરફ જતો તમામ ભારે વાહન-વ્યવહાર.

■ આંતરસુબા થી દેવકરણના મુવાડા થી બારીયાના મુવાડા થઈ અપૂજી તરફ જઈ શકાશે.

■ અપૂજી થી વાઘાવત ગામે જવા માટે ખલાલ થી અમદાવાદ-ઈન્દોર રોડ થઈ છીપડી પાટીયા, ખડાલ થઈ આંતરસુબા થી વાઘાવત તરફ જઈ શકાશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ -૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ પોલીસ વિભાગના સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીયાદ, તા.૦૫મી જાન્યુઆરી, ૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબ

File No: KHD/MSC/e-file/450/2025/4091/MAG BRANCH-PF 1. એસ.એચ નં.૪ આંમબલીયારા મીરાપુરા ટુ એમ.ડી.આર. કપડવંજ આંમબલીયારા દાણા-અનારા રોડ. કી.મી.૦/૦૦૦ થી ૧૫/૫૦૦ પર (ચે.૮/૧૦૦) પર મેજર બ્રીજ આવેલ છે. જે પોસ્ટ-મોનસુન દરમ્યાન Poor કેટેગરીમાં સામેલ થયેલ છે, જે મુજબ સદર બ્રીજનું NDT ટેસ્ટિંગ ના થાય ત્યાં સુધી (અંદાજે એક વર્ષ સુધી) સદર બ્રીજ ઉપર ભારે વાહનોની અવર-જવર રોકવા ડીઝાઈન સર્કલ, ગાંધીનગર તેમજ થર્ડ પાર્ટી એક્ષપર્ટ CASAD Consultant દ્વારા ભલામણ કરવામાં આવેલ છે. સદર બ્રીજના બન્ને છેડા ઉપર ઉ.ચા પ્રતિબંધિત ગેન્ટ્રી લગાવી, Heavy Vehicles માટે બંધ કરવા તથા ફકત Light Vehicles માટે જ ઉપયોગ કરવા ભલામણ કરેલ, જેથી સદર માર્ગ પર ભારે વાહનોને પસાર થવા પ્રતિબંધ મુકવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓ દ્વારા તા.૨૪/૧૨/૨૦૨૫ ના પત્ર જા.નં.:સીબી/૩૩૨૮/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક :એલઆઈબી /જાહેરનામું/૨૯/૨૦૨૬, તા.૦૫/૦૧/૨૦૨૬ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલિપક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે.બી.દેસાઈ, જી.એ.એસ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૭/૦૧/૨૦૨૬ થી તા.૦૬/૦૭/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) <u>વાહનની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો</u>:-

૧. કપડવંજ થી આંબલીયારા-વાસણા-દાણા-લીલવા-અનારા રોડ તરફ જતો તમામ ભારે વાહન-વ્યવહાર.

૨. અનારા-લીલવા-દાણા-વાસણા-આંબલીયારા થઈ કપડવંજ રોડ તરફ જતો તમામ ભારે વાહન-વ્યવહાર.

(B) <u>ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલિપક માર્ગો</u>:-

૧. <u>કપડવંજ થી આંબલીયારા-વાસણા-દાણા-લીલવા-અનારા રોડ તરફ જતો તમામ ભારે વાહન-વ્યવહાર</u>

■ કપડવંજ દાણા ચોકડી થી કપડવંજ ડાકોર ચોકડી, લાડવેલ ચોકડી, કઠલાલ રોડ તરફ થઈ અનારા ગામ તરફ જઈ શકાશે.

૨. <u>અનારા-લીલવા-દાણા-વાસણા-આંબલીયારા થઈ કપડવંજ રોડ તરફ જતો તમામ ભારે વાહન-વ્યવહાર</u>.

■ <u>અનારા થી કઠલાલ- લાડવેલ ચોકડી રોડ, લાડવેલ ચોકડી થઈ કપડવંજ શહેર તરફ જઈ શકાશે</u>.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ -૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીયાદનાઓએ પોલીસ વિભાગના સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીયાદ, તા.૦૭મી જાન્યુઆરી, ૨૦૨૬

જે.બી.દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.06 17:00:42 IST